## ૨૫: પરિગ્રહ-ત્યાગ

ન પરાવર્તતે રાશેર્વક્રતાં જાતુ નોજ્ઝતિ
પરિગ્રહગ્રહઃ કોઽયં વિડમ્બિતજગત્ત્રયઃ ૨૫-૧

<u>શબ્દાર્થ</u>: ન = નહિ, પરાવર્તતે = પાછો ફરતો, રાશેઃ = રાશિથી, વક્રતાં = વક્રતાને, જાતુ = ક્યારેય પણ, ઉજ્ઝતિ = તજતો, છોડી દેતો, પરિગ્રહગ્રહઃ = પરિગ્રહરૂપી ગ્રહ, ક = કોણ છે, અયં = આ, વિડમ્બિત = વિડંબના પમાડી છે, જગત્ત્રયઃ = ત્રણ જગતના લોકોને

<u>સૂત્રાર્થ</u>: જે રાશિથી પાછો ફરતો નથી. વક્રતાને ક્યારેય છોડતો નથી. જેણે ત્રણ જગતને વિડંબના પમાડી છે તે પરિગ્રહરૂપી ગ્રહ કયો ગ્રહ છે?

<u>ભાવાર્થ</u>: આકાશમાં રહેલા નવ ગ્રહો, પોતપોતાની રાશિમાં અમુક સમય સુધી રહે છે અને ત્યારપછી રાશિ બદલે છે. પરંતુ પરિગ્રહરૂપી ગ્રહ ક્યારેય પોતાની રાશિ (ખાસ કરીને ધનરાશિ) બદલતો નથી. આ જીવને ધનની જ વધારે મમતા છે, માટે પરિગ્રહરૂપી ગ્રહ ધનરાશિમાં જ ચોંટેલો રહે છે.

પરિગ્રહ શબ્દ 'પરિ' અને 'ગ્રહ'નો બનેલો છે. 'પરિ' એટલે ચારે બાજુથી ગ્રહ એટલે ગ્રહણ કરવું, પકડવું. આ ગ્રહે જીવને ચારે બાજુથી પકડેલો છે.

આ પરિગ્રહરૂપી ગ્રહ કેવો છે? તે અનાદિ કાળથી જે રાશિમાં છે ત્યાંથી પાછો ફર્યો નથી તથા અનંતકાળ સુધી એમાં જ રહેવાનો છે. એથી જ જીવોને પરિગ્રહ નામની સંજ્ઞા વળગેલી છે. આકાશના ગ્રહો ક્યારેક પોતાની વક્રતાનો ત્યાગ કરીને સીધી ગતિમાં જાય છે પરંતુ પરિગ્રહરૂપી ગ્રહ ક્યારેય પોતાની વક્ર ગતિ છોડવાનો નથી. એટલે કે એની વક્ર દૃષ્ટિને કારણે ત્રણ જગતના જીવો ક્યારેય સુખી થવાના નથી. પરિગ્રહ સંક્લેશ દુઃખનું નિમિત્ત છે અને મોક્ષમાર્ગમાં તે અંતરાયરૂપ છે.

પરિગ્રહના બે પ્રકાર છે. દ્રવ્ય પરિગ્રહ અને ભાવપરિગ્રહ
દ્રવ્ય પરિગ્રહ એટલે પોતાના ભોગોપભોગ માટે માલમિલકત, સ્ત્રી-પરિવાર, જમીન, વાહન વગેરે રાખવા તે.
ભાવ પરિગ્રહ એટલે રાગ-દ્વેષ વગેરે ભાવો, કષાયો, દેહબુદ્ધિ વગેરે.
દ્રવ્ય પરિગ્રહ એ ભાવપરિગ્રહનું કારણ છે.

## ૨૫ - પરિગ્રહ ત્યાગ

પરિગ્રહગ્રહાવેશાદ્ દુર્ભાષિતરજઃ કિરામ્
શ્રૂયન્તે વિકૃતાઃ કિં ન પ્રલાપા લિંગિનામપિ ૨૫-૨

<u>શબ્દાર્થ</u>: પરિગ્રહગ્રહાવેશાદ્ = પરિગ્રહ રૂપી ગ્રહના પ્રવેશથી; દુર્ભાષિત = ઉત્સૂત્ર ભાષણ; રજઃ કિરામ્ = રજ (ધૂળ) ઉડાડનારા, શ્રૂયન્તે = સંભળાય, વિકૃતાઃ = વિકૃતિવાળા; કિં = શું; ન = નહિ; પ્રલાપાઃ = પ્રલાપ; લિંગિનામપિ = વેષધારીઓના પણ

<u>શ્લોકાર્થ</u>: પરિગ્રહરૂપી ગ્રહનો પ્રવેશ થવાથી ઉત્સૂત્રભાષણરૂપ ધૂળ ઉડાડનારા વેશધારીઓના પણ વિકૃત પ્રલાપ શું સંભળાતા નથી ?

<u>ભાવાર્થ</u>: અહીં કહેવાતા સાધુ-સન્યાસીઓના પરિગ્રહની વાત કરી છે. ઘરબાર, માલ-મિલ્કત, કુટુંબ પરિવાર વગેરે છોડીને જેઓ સાધુ-સન્યાસી થયા છે તેમના અંતરમાં જો પરિગ્રહની વૃત્તિ પડેલી હશે તો તે રૂપાન્તરિત થઈને પાછી આવે છે. કોઈપણ સ્થૂલ પદાર્થ માટે, છેવટે પોતાની મહત્તા, યશકીર્તિ વગેરે સૂક્ષ્મ વસ્તુઓ માટે આસક્તિ રહી તો તે પરિગ્રહમાં પરિણમે છે. માણસ સન્યાસી થઈને ભગવા વસ્ત્ર ધારણ કરે, પણ પછી તો સારામાં સારા, મોંઘામાં મોંઘા કાપડમાંથી બનાવેલા, ચમકદાર હોવા જોઈએ. ગળાની રૂદ્રાક્ષની માળા, હાથની માળા, ચશ્માની ફ્રેમ, હાથમાં રાખવાની લાકડી, છત્રી, ચાખડી એ બધું સારામાં સારું જ જોઈએ એવો આગ્રહ પરિગ્રહની આસક્તિ દર્શાવે છે. તેઓ માત્ર વેશધારી સાધુ હોય છે.

જૈનો અને અન્ય ધર્મના સત્પુરુષો, જો અંતરમાં પરિગ્રહની આસક્તિ રહી ગઈ હોય તો તેમને ધર્મક્રિયા માટેનાં ઉપકરણો સારામાં સારા જોઈશે. કેટલાકને ઉપાશ્રય, ગ્રંથાલય, આશ્રમ, ધર્મશાળા, પાઠશાળા જેવા સ્થાનો ઉપર પોતાના કે પોતે નક્કી કરેલા નામ અને અધિકાર માટે આગ્રહ રાખે છે. કેટલાક એના વહીવટમાં પોતાની સત્તા રાખે છે.

ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે આવા વેશધારી સાધુ-સન્યાસીઓની એમના પરિગ્રહ માટે જો ટીકા કરવામાં આવે તો તેઓ તેની પ્રતિક્રિયા રૂપે દુર્વચન-રૂપી ધૂળ ઉડાડે છે. તેઓ ક્રોધે ભરાઈને પ્રલાપ કરે છે અને પોતાના જેવું કરનારા બીજા સાધુ વગેરેનો ઉધડો પાડે છે.

ઉદ્દેશ આપીને પુસ્તકો છપાવવા માટે લાખો રૂપિયા ભેગા કરી, એના પર પોતાનો અધિકાર સ્થાપિત કરી, એ રૂપિયા પોતાના ભક્તની બેંકમાં રખાવવા એ શું પરિગ્રહ નથી ?

## ૨૫- પરિગ્રહત્યાગ: શ્લોક-૨

હજારો પુસ્તકો ખરીદી તેના ઉપર પોતાનું નામ છપાવવું અને માલિકીનો દાવો કરવો તે શું પરિગ્રહ નથી? પૂ. યશોવિજયજી મ.સા. આવા પરિગ્રહીઓને "વેશધારી" કહે છે. અપરિગ્રહનો ઉપદેશ આપનાર મુનિ ગૃહસ્થ જેવું આચરણ ~~કે~~ કરે અને પોતાનો બચાવ કરે કે અમને ક્યાં મમત્વ છે? મમત્વ હોય તો પરિગ્રહ કહેવાય ને?

શ્રુતજ્ઞાન સારું લખાયેલ વિશિષ્ટપણે પૂજાતા અને શ્રાવકો દ્વારા જ્ઞાનભક્તિ રૂપે બંધાયેલા ચંદરવા- પુંઠીયા, ડબ્બાઓ વગેરે શોભાયમાન ઉપકરણવાળા પોતાની જાતને મોટા માને અને અહંકાર કરે કે મારા પ્રવેશકાળે શ્રાવકો કેવી દોડાદોડી કરે છે? હું જ્યાં જાઉં ત્યાં શ્રાવકો કેવો સુંદર ~~સ~~ સત્કાર કરે છે? હું કેવો પૂજનીય છું! આવા વિચારોથી દૂષિત થયેલા મુનિ તીવ્ર રસવાળું જ્ઞાનાવરણીય વગેરે કર્મ બાંધી અનંતકાળ ભવભ્રમણ કરવા રૂપ નિગોદ અવસ્થાને પામે છે.

ધર્મના ઉપકરણોની મમતા પણ અનંત ભવમાં રખડાવે છે. આ કારણે ધર્મના ઉપકરણો દ્વારા થતી પરિગ્રહની પુષ્ટિ તથા કષાયોની વૃદ્ધિ ત્યજવા જોઈએ. ધર્મના ઉપકરણો જરૂર ઉપકારી છે, પરંતુ તેની મમતા-મૂર્છા ઉપકારી નથી. જો ઉપકરણો ઉપર મમતા મૂર્છા થાય તો તે ઉપકરણ ન રહેતાં અધિકરણ બને છે.

## ૨૫ - પરિગ્રહત્યાગ

યસ્ત્યક્ત્વા તૃણવદ્ બાહ્યમાન્તરં ચ પરિગ્રહમ્
ઉદાસ્તે તત્પદામ્ભોજં પર્યુપાસ્તે જગત્ત્રયી (૨૫-૩)

શબ્દાર્થ: યઃ = જો; ત્યક્ત્વા = ત્યજીને; તૃણવદ્ = તણખલાની જેમ; બાહ્યમ્ = બાહ્ય; આન્તરં = આંતરિક; ચ = અને; પરિગ્રહમ્ = પરિગ્રહને; ઉદાસ્તે = ઉદાસીન રહે છે; તત્પદામ્ભોજં = તેના ચરણરૂપી કમળને; પર્યુપાસ્તે = સેવે છે; જગત્ત્રયી = ત્રણ જગત.

શ્લોકાર્થ: જે બાહ્ય - આભ્યંતર પરિગ્રહને તણખલાની જેમ છોડીને ઉદાસીન રહે છે તેના ચરણકમળને ત્રણ જગત સેવે છે.

ભાવાર્થ: પરિગ્રહ બે પ્રકારના છે - બાહ્ય અને આભ્યંતર. ઘર, ધન-ધાન્ય, માલ-મિલ્કત, વસ્ત્રો, અલંકાર, વાહનો વગેરે બાહ્ય પરિગ્રહ છે. મિથ્યાત્વ, કષાય, વગેરે આભ્યંતર પરિગ્રહ છે. આખો સંસાર બાહ્ય પરિગ્રહથી ભરેલો છે. આવી સ્થિતિમાં પોતાના ચરણોને ત્યાગ-વૈરાગ્યમાં સ્થિર રાખવાનું દુષ્કર છે.

જે મહાત્માઓ ઘર, સ્વજન, પરિવાર, મિલ્કત વગેરેનો સંપૂર્ણ ત્યાગ કરીને પંચ મહાવ્રતધારી સાધુ બને છે તેઓને ધન્ય છે. કંચન અને કામિનીના ત્યાગી એવા સાધુ મહાત્માઓની અને સાધ્વીઓની મોટી સંખ્યા છે અને તેઓના વિહાર, ગોચરી, આહારપાણીની વ્યવસ્થા જૈન ધર્મમાં અનન્ય છે.

આ તો બાહ્ય પરિગ્રહના ત્યાગની વાત થઈ. યોગીઓ બાહ્ય પરિગ્રહને તણખલાની જેમ, કચરાની જેમ છોડી દે છે. પણ એ છોડયા પછી છોડવાનો અહંકાર જો આવી ગયો અથવા તે માટે મનમાં તૃષ્ણા રહ્યા કરી તો તેવું વ્યર્થ છે. એટલે જ આભ્યંતર પરિગ્રહના ત્યાગ ઉપર પણ ભાર મૂકવામાં આવે છે.

બાહ્ય ત્યાગમાં મુનિએ અટકી જવું ન જોઈએ. બાહ્ય ત્યાગ તો બધાને દેખાય છે. હવે જે ત્યાગ કરવાનો છે એ સૂક્ષ્મ છે અને એના સાક્ષી પોતે જ છે. ચિત્તની અંદર મિથ્યાત્વ, અહંકાર, લોભ, ઈર્ષ્યા, મત્સર, પ્રકોપ, મમત્વ, આસક્તિ, આત્મશ્લાઘા વગેરે જે ભાવો પડેલા છે તે પણ છોડવાના છે. દેહ અને આત્મા ભિન્ન છે એવું ભાન અંદરથી રહ્યા કરે અને ચિત્ત અનિત્યાદિ ભાવનામાં, આત્મરમણતામાં રહ્યા કરે તો એવી ઊંચી કોટિના ત્યાગી મહાત્માઓનાં ચરણકમળની ઉપાસના - સેવા ત્રણે લોકના જીવો કરે છે.

ચિત્તેઽન્તર્ગ્રન્થગહને બહિર્નિર્ગ્રન્થતા વૃથા
ત્યાગાત્કઞ્ચુકમાત્રસ્ય ભુજગો ન હિ નિર્વિષઃ ૨૫-૪

<u>શબ્દાર્થ</u>: ચિત્તે = ચિત્તમાં; અન્તર્ગ્રન્થગહને = અભ્યંતર ગાંઠ; બહિર્નિર્ગ્રન્થતા = બાહ્ય નિર્ગ્રંથતા; વૃથા = નિરર્થક; ત્યાગાત્ = ત્યાગ કરવાથી; કઞ્ચુકમાત્ર = માત્ર કાંચળી; ભુજગઃ = સર્પ; ન = નહિ; હિ = પરંતુ, કારણકે; નિર્વિષઃ = વિષ રહિત

<u>શ્લોકાર્થ</u>: અભ્યંતર પરિગ્રહથી ચિત્ત વ્યાકુળ હોય તો બાહ્ય નિર્ગ્રંથપણું નિરર્થક છે, કારણકે માત્ર કાંચળીનો ત્યાગ કરવાથી સર્પ વિષરહિત થતો નથી.

<u>ભાવાર્થ</u>: જો ચિત્ત (મન/અંતઃકરણ) મમતા, સ્પૃહા, લાલસા આદિ વિકૃત ભાવોથી ભરેલું છે તો ધન, મકાન, કુટુંબીજનો, સગાં, વગેરે બાહ્યત્યાગ થી આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

મુનિની અંતરંગ પરિણતિ પણ અપરિગ્રહની હોવી જોઈએ. અંતરમાં સ્ત્રી, ધન, મિલકત વગેરેની વાસનાઓ પડેલી હોય, નામ પ્રતિષ્ઠા, યશકીર્તિ વગેરેની આસક્તિ રહેલી હોય, સ્વાદિષ્ટ ગોચરી અને મોંઘા આકર્ષક ઉપકરણો ગમતા હોય, માયાચાર ચાલતો હોય, ઉપદેશ એક પ્રકારનો અને આચરણ બીજા પ્રકારનું હોય, આત્મસ્વરૂપ પ્રગટાવવા માટે તીવ્ર પુરુષાર્થ ન હોય તો સમજવું કે માત્ર બાહ્ય પરિગ્રહનો ત્યાગ નિરર્થક છે.

જેમ કાંચળી ઉતારી નાંખે એથી સર્પ નિર્વિષ થતો નથી. જો મન મોહદશાથી ઘેરાયેલું છે તો તેવા બાહ્યત્યાગ માત્રથી સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. ચિત્તમાંથી પરિગ્રહની ગાંઠ દૂર કરે તો જ મુનિ આત્માની શુદ્ધ દશા પામી શકે છે અને ત્યારે જ સાચા ત્યાગી કહેવાય છે.

લક્ષ્મણા સાધ્વીનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. ભલે પોતાનું પાપ સ્વમુખે જાહેર ન કર્યું પરંતુ એ પાપ દુનિયાએ જાણ્યું છે. <u>માયા</u> એ અંતરંગ પરિગ્રહ છે. જો અંતરંગ પરિગ્રહની ગાંઠ રહી જાય તો સંસાર પરિભ્રમણ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

## ૨૫ - પરિગ્રહ ત્યાગ

ત્યક્તે પરિગ્રહે સાધોઃ પ્રયાતિ સકલં રજઃ
પાલિત્યાગે ક્ષણાદેવ સરસઃ સલિલં યથા ૨૫-૫

<u>શબ્દાર્થ</u>: ત્યક્તે = ત્યાગ કરવાથી, પરિગ્રહે = પરિગ્રહ, સાધોઃ = સાધુનું, પ્રયાતિ = જાય છે, સકલં રજઃ = સઘળું પાપ, પાલિત્યાગે = પાળનો નાશ થતાં, ક્ષણાદેવ = ક્ષણમાં જ, સરસઃ = સરોવરનું, સલિલં = પાણી, યથા = જેમ

<u>શ્લોકાર્થ</u>: જેમ પાળ તૂટતાં સરોવરનું પાણી ચાલ્યું જાય છે તેમ પરિગ્રહનો ત્યાગ થતાં સાધુનું સઘળું પાપ ક્ષણમાં જ ચાલ્યું જાય છે.

<u>ભાવાર્થ</u>: સાધુને પરિગ્રહના ત્યાગની શિખામણ આપવામાં આવી છે. આપણને આશ્ચર્ય થાય છે કે જે મુનિ ભગવંતોએ દીક્ષા ગ્રહણ કરતી વખતે પંચ મહાવ્રત ધારણ કર્યાં હોય તો તેમાં પાંચમા 'અપરિગ્રહ' ની વ્રતની પ્રતિજ્ઞા તો આવી જ જાય છે. સાધુઓ અપરિગ્રહી હોય જ છે, તો પછી તેમને પરિગ્રહનો ત્યાગ કરવાની ભલામણ શું વાજબી છે?

ઉત્તર છે હા. જરૂર વાજબી છે. સાધુઓએ બાહ્ય પરિગ્રહનો ત્યાગ તો કર્યો જ હોય છે પણ મમતા, લોભ, માયા, રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ એ ત્રણે ગારવ (અભિમાન), યશકીર્તિની વૃત્તિ, પોતાના ભક્તો માટેનો અનુરાગ વગેરે હજુ અંતરમાંથી ખસતાં ન હોય તો અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કર્યો ન કહેવાય.

જ્યાં સુધી બાહ્ય કે અભ્યંતર પરિગ્રહ હોય ત્યાં સુધી આશ્રવનાં દ્વાર ખુલ્લાં હોય છે, આવા પરિગ્રહનો ત્યાગ કરવાથી અશુભ કર્મો બંધાતા નથી અને બંધાયા હોય તો તેનો ક્ષય થાય છે. પૂ. ઉપાધ્યાયજીએ અહીં સરોવરનું દૃષ્ટાંત આપ્યું છે. જેમ પાળને તોડવામાં આવે તો સરોવરનું બધું પાણી નીકળી જાય છે તેમ પરિગ્રહરૂપી પાળને તોડવાથી બધાં કર્મોનો ક્ષય થાય છે.

ત્યક્તપુત્રકલત્રસ્ય મૂર્છામુક્તસ્ય યોગિનઃ
ચિન્માત્રપ્રતિબદ્ધસ્ય કા પુદ્ગલનિયંત્રણા (૨૫-૬)

**શબ્દાર્થ:** ત્યક્તપુત્રકલત્રસ્ય = જેઓએ પુત્ર અને સ્ત્રીનો ત્યાગ કર્યો છે, મૂર્છામુક્તસ્ય = મૂર્છા (મમત્વ) થી મુક્ત છે; યોગિનઃ = યોગીને; ચિન્માત્ર = જ્ઞાનમાત્ર; પ્રતિબદ્ધસ્ય = જે આસક્ત છે; કા = શું હોય? પુદ્ગલનિયંત્રણા = પુદ્ગલનું નિયંત્રણ

**શ્લોકાર્થ:** જેણે પુત્ર અને સ્ત્રીનો (સર્વ બંધનનો) ત્યાગ કર્યો છે, જે મૂર્છાથી મુક્ત છે, જે જ્ઞાનમાત્રમાં આસક્ત છે એવા યોગીને પુદ્ગલનું બંધન શું હોય?

**ભાવાર્થ:** જે શ્રાવકે સ્વેચ્છાપૂર્વક, સમજણપૂર્વક, યોગ્યતાપૂર્વક, મોક્ષપ્રાપ્તિના એક માત્ર ધ્યેયને લક્ષમાં રાખી યોગ્ય ગુરુ ભગવંત પાસે દીક્ષા લીધી હોય અને એ માટે પત્ની, પુત્ર, કુટુંબ પરિવાર, સંપત્તિ વગેરેનો ત્યાગ કર્યો હોય એવા પંચમહાવ્રતધારી સાધુ મહાત્માએ યોગવહન કરી લીધા હોય અને હવે તેમને એક માત્ર જ્ઞાન સાથે જ લગાવ હોય એવા યોગી મહાત્માઓને કોઈ પૌદ્ગલિક આકર્ષણ ન હોય અને પૌદ્ગલિક બંધન કે નિયંત્રણ પણ ન હોય. હવે તેઓ પુદ્ગલથી રાજી ન થાય કે પુદ્ગલથી દબાય કે ઝુકાય પણ નહિ. હવે એવું કોઈ ક્ષેત્ર ન હોય કે જ્યાં એમને ફાવે નહિ, એવી કોઈ ઋતુ ન હોય કે જેમાં એમને પ્રતિકૂળતા જણાતી હોય, એવા કોઈ ધાર્મિક ઉત્તરણો ન હોય કે જેના પ્રત્યે તેમને અણગમો હોય. આહારની બાબતમાં ભાવતા-ન ભાવતાની વાત તેમને માટે રહી ન હોય. હવે એવી કોઈ બાબત ન હોય કે જેમાં એમને ફરિયાદ હોય. પ્રત્યેક પરિસ્થિતિનો એમણે સહજ રીતે સ્વીકાર કરી લીધો હોય. હવે એમનો સતત ઉપયોગ આત્માના સ્વ-સ્વરૂપમાં હોય. આવા મહાત્માઓને પૌદ્ગલિક બંધ ન હોય એટલે કોઈ તીવ્ર કર્મબંધ ન હોય.

મોક્ષના ઉત્તમ લક્ષ્ય તરફ ગતિ કરનાર મહાત્માઓની પરિગ્રહ વિશે આવી ઉચ્ચ દશા હોય છે.

## ૨૫: પરિગ્રહત્યાગ

P.338

ચિન્માત્રદીપકો ગચ્છેત નિર્વાતસ્થાનસન્નિભૈઃ
નિષ્પરિગ્રહતા સ્થૈર્યં, ધર્મોપકરણૈરપિ (૨૫-૧)

<u>શબ્દાર્થ:</u> ચિન્માત્રદીપક: = જ્ઞાનમાત્રનો દીપક, ગચ્છેત્ = પામે છે; નિર્વાત = પવનરહિત; સ્થાન સંનિભૈઃ = સ્થાન સમાન; નિષ્પરિગ્રહતા-સ્થૈર્યં = પરિગ્રહના ત્યાગરૂપ સ્થિરતાને; ધર્મોપકરણૈઃ = ધર્મના ઉપકરણો વડે, અપિ = પણ

<u>શ્લોકાર્થ:</u> જ્ઞાનમાત્રનો દીપક, પવનરહિત સ્થાન સમાન ધર્મના ઉપકરણો વડે પણ નિષ્પરિગ્રહરૂપ સ્થિરતાને પામે છે.

<u>ભાવાર્થ:</u> પવનવાળા સ્થાનોમાં દીપક અસ્થિર અને ચંચળ હોય છે, પણ પવન વિનાના સ્થાનોમાં તે જ દીપક અત્યંત સ્થિર હોય છે. એ જ રીતે પ્રમાદ વિનાના જાગૃત મુનિ ધર્મના ઉપકરણવાળા (વસ્ત્ર, પાત્ર વગેરે) હોય તો પણ નિષ્પરિગ્રહતા રૂપ સ્થિરતાને પામનારા બને છે. કારણ કે વસ્ત્ર-પાત્ર વગેરે ધર્મના ઉપકરણો પવન વિનાના સ્થાનો તુલ્ય છે.

જૈન દર્શનમાં દિગમ્બર સંપ્રદાય એમ માને છે કે મુનિ જો વસ્ત્ર-પાત્રાદિ ઉપધિ રાખે તો તે મુનિ પરિગ્રહવાળા કહેવાય, નિષ્પરિગ્રહી ન કહેવાય. પૂજ્ય ઉપાધ્યાયજી જણાવે છે કે ધર્મના ઉપકરણો રાખવા તે પરિગ્રહ નથી, પણ મૂર્છા કે આસક્તિ રાખવી તે પરિગ્રહ છે. જો વસ્તુ રાખવી તેને પરિગ્રહ કહેશો તો જયણા માટે મોરપિંછી અને શરીરશુદ્ધિ કરવા પાણી લઈ જવા માટે કમંડળ રાખવું તેને પણ પરિગ્રહ જ માનવો પડશે.

દિગમ્બર પરંપરામાં મોરપિંછ રાખવામાં જયણાપાલનનું પ્રયોજન છે. કમંડળ રાખવામાં શરીર શુદ્ધિ માટે પાણી લઈ જવાનું પ્રયોજન છે. પુસ્તકો રાખવામાં અધ્યયન-અધ્યાપનનું પ્રયોજન છે અને આહારગ્રહણમાં શરીર ટકાવવાનું પ્રયોજન છે. શ્વેતામ્બર પરંપરામાં વસ્ત્ર રાખવામાં નિર્વિકારતાનું પ્રયોજન છે અને પાત્રાદિ રાખવામાં જયણા આદિનું પ્રયોજન છે. વસ્ત્ર વિનાનું શરીર પોતાની જાતમાં પણ વિકાર કરે અને પોતાના નગ્ન શરીરને જોઈને લોકોને વિકાર-વાસના અને અબ્રહ્મનો હેતુ બને.

આ રીતે દીપકની જ્યોતને સ્થિર કરવામાં જેમ નિર્વાતસ્થાનો પ્રબળ કારણ છે તેમ મુનિની નિષ્પરિગ્રહતા રૂપી સ્થિરતામાં ધર્મના ઉપકરણો પણ પ્રબળ કારણ છે અર્થાત્ ધાર્મિક ઉપકરણો નિર્વાતસ્થાન તુલ્ય છે.

ટૂંકમાં ધર્મના ઉપકરણો (વસ્ત્ર, પાત્ર વગેરે) હોવા છતાં પણ જે મુનિ મૂર્છા રહિત છે તે મુનિ નિષ્પરિગ્રહી છે.

## ૨૫: પરિગ્રહ ત્યાગ 

મૂર્ચ્છાછન્નધિયાં સર્વં જગદેવ પરિગ્રહઃ
મૂર્ચ્છયા રહિતાનાં તુ જગદેવાપરિગ્રહઃ ૨૫-૮

**શબ્દાર્થ:** મૂર્ચ્છાછન્ન = મૂર્છાથી ઢંકાયેલી, ધિયાં = બુદ્ધિવાળાને, સર્વં = સર્વ, જગત એવ = જગત જ, પરિગ્રહઃ = પરિગ્રહ, મૂર્ચ્છયા = મૂર્છાથી, રહિતાનાં = રહિતને, તુ = પરંતુ, જગત એવ = જગત જ, અપરિગ્રહઃ = અપરિગ્રહરૂપ છે.

**શ્લોકાર્થ:** જેમની બુદ્ધિ મૂર્છાથી ઢંકાયેલી છે તેઓને માટે સર્વ જગત જ પરિગ્રહરૂપ છે, પરંતુ જેઓ મૂર્છારહિત છે તેઓને માટે જગત જ અપરિગ્રહરૂપ છે.

**ભાવાર્થ:** કોઈ પણ જીવ પરિગ્રહી છે કે અપરિગ્રહી? તેની કસોટી નીચે આપી છે.

- મૂર્છા હોય તો આખું જગત પરિગ્રહરૂપ છે.
- મૂર્છા ન હોય તો આખું જગ અપરિગ્રહરૂપ છે.

બીજી રીતે કહીએ:

સંયમ-સાધનામાં સહાયક પદાર્થો અપરિગ્રહ
સંયમ-આરાધનામાં બાધક પદાર્થો પરિગ્રહ.

ધારોકે ૧ લાખ ડોલર બેંકમાં Fix-Dep-માં મૂક્યા હોય, ત્યારે ડોલરનો અને આપણો સંસર્ગ નથી, પરંતુ મમતા છે. મારાપણાનો પરિણામ છે. તે dollars અવસરે વાપરવાનો ભોક્તૃત્વ પરિણામ છે, માટે પાસે ન હોવા છતાં પણ પરિગ્રહ છે. તેમ અહીં મૂર્છાવાળા આત્માને વસ્તુ અપ્રાપ્ત હોય તો પણ આખું જગત પરિગ્રહરૂપ છે. બેંકનો કેશિયર લાખોની નોટોનો સ્પર્શ કરે છે, પણ મમત્વ અને ભોક્તૃત્વનો પરિણામ નથી માટે પરિગ્રહ કહેવાતો નથી.

'વિશેષાવશ્યક ભાષ્ય' ગ્રંથ પર પોતાની ટીકામાં પૂ. ઉપાધ્યાયજી કહે છે કે: (શ્લોકનું ભાષાંતર નીચે મુજબ છે.)

લોકમાં એવી કઈ વસ્તુ છે કે જેને સર્વથા પરિગ્રહ અથવા અપરિગ્રહરૂપ કહેવાય? માટે નિશ્ચયદૃષ્ટિથી મૂર્છાથી પરિગ્રહ અને અમૂર્છાથી અપરિગ્રહ કહેવાય છે. તેથી રાગદ્વેષરહિત આત્માને સંયમના સાધનભૂત વસ્ત્રાદિ અપરિગ્રહરૂપ છે અને સંયમનો જે ઉપઘાત કરનાર છે તે પરિગ્રહ છે.